નિબંધો,

અનુવાદો

અને

ફારસી [illegible]

નિયાયિશે અહુરમઝ્દ

(યાને અહુરમઝ્દની બંદગીને લગતા
અવસ્તાના ફકરાઓ)

અને

ફારસી મોનાજાતો

(તરજુમાઓ સાથે.)

આવૃતિ બીજી

ઇન્તેખાબ કરનાર,
મેહરજીભાઈ નોશેરવાનજી કુકા,
મુંબઇ

સને યજ૦ ૧૨૯૩, ઇસવી ૧૯૨૪
કીંમત ૧૦ આના

આ ચોપડી મળવાનુ ઠેકાણુ

ધી કમરશીયલ પ્રીન્ટીંગ પ્રેસ,

૧૧, કાવસજી પટેલ સ્ટ્રીટ,

કોટ, મુંબઈ

૧૧૮૬૬

PRINTED AND PUBLISHED BY

DHANJIBHOY DOSABHOY, MANAGER

THE COMMERCIAL PRINTING PRESS,

(OF THE TATA PUBLICITY CORPORATION,

LIMITED,) 11, COWASJI PATELL STREET,

FORT, BOMBAY

સાંકળિયું

દીબાચો પહેલી આવૃત્તિનો.



આપણી બંદગીની કેતાબ તે આપણી ખોરદેહ અવસ્તા છે, પણ તેમાં દાદાર અહુરમઝદની બંદગી ઉપરાંત તેની ખલ્કતની સેતાયશબી સમાયલી છે, અને તે ખોરદેહ અવસ્તાનો ઘણો મોટો ભાગ રોકે છે ખાસ અહુરમઝદની બંદગીને લગતા ફકરા ઘણા છુટા છવાયા મળે છે, અને મોટો ભાગ તે **હુસેન યશ્તમાંથી** તથા અશો જરથોસ્તના **ગાથામાંથી** મળી આવે છે

કેટલાક લોકો એમ માને છે કે અહુરમઝ્દની પેદાયશની તારીફ કીધી તેબી અહુરમઝદનીજ બંદગી થઈ, જ્યારે બીજાઓના દિલ તેવી સેતાયશથી સંતોષ

પામતા નથી, અને ખુદ પરવરદેગારની તરફજ પોતાની લાગણીના ઉભરા બાહેર પાડવાને તેઓ ઇચ્છે છે, તેનીજ સ્તુતિ ગાવાના તલબગાર હોય છે, તેનેથીજ મદદ માગવા ચાહે છે, અને તેનેથીજ મુરાદના હાંસલ થવાની ખાહેશ રાખે છે આ જેહવા વર્ગને માટે અવસ્તામાથી ચુંટી કાહડેલા લાયક દુગાઓવાલી એક કેતાબની ઘણી જરૂર રહે છે એ હાજત પુરી પાડવાને માટે મરહુમ એરવદ જામાસ્પજી એદલજી દાદાચાનજીએ સ્તુતિપાત્ર કોશેશ કીધી હતી અને ઇ૦ સ૦ ૧૮૮૮ ના સાલમા 'મેનાયશે આહુરમઝદ' ને નામે એક બંદગીની કેતાબ પ્રગટ કરી હતી હાલની આ ચોપડી તેજ ધોરણ ઉપર છે પણ ફકરાઓની ચુંટણી મારી

પસંદગી પ્રમાણે કરી છે, અને તેમનો અનુક્રમણી જેમ મને વધારે અનુકૂળ લાગ્યો તેમ લીધો છે

અવસ્તાના ફકરાઓના તરજુમા જે આપવામા આવ્યા છે તે મોટે ભાગે મરહૂમ એરવદ કાવસજી એદલજી કાંગાના પુસ્તકોને આધારે છે, પણ થોડેક ઠેકાણે બીજા તરજુમાઓની મદદ લેવામા આવી છે

બંદગીમા જેજે વિચારો સમાય છે તે ઉપરથી બંદગીના નીચે પ્રમાણે પ્રકરણો થઇ શકે છે

(૧) **સેતાયશ,** અથવા સ્તુતિ, જેમા પરવરદેગારની ખુબીઓ ગાવામા આવે છે

(૨) **સેપાસ,** જેમા ભકિત કરનાર પોતાની ઉપર તે કિરતારની હર પળની નવાજેશો

માટે આભારની લાગણી સાથ ગુજ઼
ગુજારી કરે છે

(૩) **તૌબેશ**—યાને ગુનાહો માટેનો પશ્ચાતાપ

(૪) **મદદ ખ્વાહી**—જેમા ભકિત કરનાર પોતાની કોઇ મુશ્કેલી આસાન થાય તે સારૂ, અથવા નેકીની રાહે ચાલવા માટે રેહબરી મળે તે સારૂ તથા ભલા કામો કરવાની ખાતેરા પાર પડે અને બુરાઇથી દુર રેહવાનુ બની આવે તે સારૂ, યજદાનની મદદ માગે છે

(૫) **મુરાદ અથવા દુઆ**—જેમા બંદગી કરનાર બન્ને દુન્યાના પોતાની બેહતરી

માટે તથા પોતાના કુટુંબ કબીલા, બેશીઓ, દોસ્તો, કોમ અને દેશને માટે ભલી મુરાદ ચાહે છે.

એમાના છેલ્લા ચાર પ્રકરણ એવી કિસ્મના છે કે દરેક શખ્સ તે વિષે પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના દિલના ઉભરા બાહેર પાડી શકે છે, જો કે તેમાબી હુશિયારીની થોડી ઘણી જરૂર છે શું માગવું શું ન માગવું, કેવી રીતે શુક્ર ગુજારી કરવી, કેવી રીતે તોબેહ કરવી, વગેરે તેના દાખલા ધર્મ પુસ્તકો પુરા પાડે છે

પણ બંદગીનું જે પ્રકરણ પહેલું જણાવ્યું છે તે–યાને સેનાયશ–તે અદા કરવાનું બધાથી બની શકે તેમ નથી સાધારણ બુદ્ધિના માણસ માટે

તે ખુદાવદની ખૂબીઓ અને સિફાતોની યાદ કરવાનુ કામ ઘણુ મુસ્કેલ છે તેમા રાહબરીની ખાસ અગત છે, અને તે રાહબરી એકતો ધર્મ પુસ્તકોમાથી મળે છે, અથવા તો ઉચી કલ્પના શકિત ધરાવનારા કવિઓના લખાણમાથી મળે છે

તૌજેશને લગતા ફકરાઓ અનન્તામાથી ઘણા જુજ મલે છે, અને તેનુ કારણ હુ આ ધારૂ છુ કે આ બંદગી રચનારા અશો પુરૂષોને પોતા ની પાકી-જગીને લીધે પશ્ચાતાપ કરવા જેવુ ઝાઝુ હોય નહી, (તેમા પેગામબર સાહેબને માટે ગોનાહનો ખયાલ કરવોજ મહાલ છે) તો તેથી તાજેશને લગતા ફકરા ઝાઝા મળતા નથી ઘણા ખરા ફકરા બદી

તરફના તિરસ્કાર અને નેકીની રાહે ચાલવાના પેમાનને લગતા છે

પાઝન્દમા ગોનાહોના પશ્ચાતાપ માટે પતેત છે ખરી પણ તે મોટા ભાગે ગુનાહોની એક ટીપ છે, અને તેમાં દિલને આકર્ષણ કરનાર તત્વ ઓછુ છે

બન્દગીના જે વિભાગો ઉપર દેખાડયા છે તે સઘળા અવસ્તામાથી પુરતી રીતે મળી આવી શકતા ન હોવાથી મોનાજાતો વડે એ બન્દગીની પુર્ણી કરવી પડે છે મોનાજાતોમા ફારસી શાએર **'નિઝામી'** પહેલે દરજ્જેનો છે એની મોનાજાતો ઘણીજ દિલચસ્પ છે એનેથી ઉતરતે દરજ્જે **'સઅદી'** આવે છે આપણા દસ્તુરોની મોનાજાતોમાથી માત્ર મરહૂમ **મુલ્લા ફીરોજ** દસ્તુરની

મોનાજાતોજ મેં લીધી છે, અને બીજા દસ્તુરોની મોનાજાતો ચોકસ સબબોસર છોડી દેવી પડી છે

ફારસી શાએરોની મોનાજાતોબી સિલસિલાબંદ મે લીધી નથી પણ તેમાથી ઇન્તેખાબ કર્યો છે વણે જુદે ઠેકાણે એવાદ બે શબ્દોમા ફેરફાર કરવાની જરૂર પડી છે, અને એક ઠેકાણે બૈતોનો અનુક્રમ સેહજસાહજ બદલવામા આવ્યો છે

પારસી બંદગીની ચોપડીમા જુદ્દીન શાએરોની મોનાજાત લેવામા કશુ વાંધા જેવુ નથી. આપણી ખોરદેહ અવસ્તાના મોટા ફતરોમા જે મોનાજાતો છપાયલી છે તેમા આવી રીતની પેહલ આગલથી થઇ ચુકી છે દાખલા તરીકે નીચલી મોનાજાતો બનાવનારા મુસલમાનો છે

'ફિદા સરખીઝા તાઅત કુન કે તાઅત અઝ તે હર કારસ્ત' એ લીટીથી શરૂ થતી મોનાજાત **શમ્શે તબ્રીઝીની** કહેવાય છે, અને કોઈ દસ્તુરે તેમા મેહજસાજ ફેરફાર કરેલો છે

'પાદશાહા જુર્મે મારા દર ગુઝાર" થી શરૂ થતી મોનાજાત **ફરીદ-ઉદ-દીન અત્તારની** છે

"મન બન્દએ ગરીબમ ફરિયાદ રસ ઇલાહી' થી શરૂ થતી મોનાજાત કોઈ મુસલમીન લખનારની છે એની છેલ્લી શેઅરમા ઇસ્લામી ધર્મને લગતો એક ઈશારો છે, પણ ખોરદેહ અવસ્તાના દફતર છપાવનારાઓની નજર ચુકથી તે એમનો એમ રેહેવા પામ્યો છે

છેવટે મારી પોતાની જોડેલી એ મોનાજાતો મે આપી છે, તે જો કે નામીચા શાએરોના ઉમદા ગોહરોની સફમા બીરાજવાને લાયકની તો નથીજ, તો પણ એવી આશાથી દાખલ કરી છે કે જેમ કેટલાક મિત્રોને તે પસદ પડી છે તેમ કદાચ બીજાઓનેબી પસદ પડે

મે નો કુકા

૩-૮-૧૪

થોડાક સુધારા સાથે ફરીથી છપાની

સપટેમ્બર ૧૯૨૪

ઉચ્ચાર સંબંધી સૂચના.



અવસ્તાના ફકરાઓમાં જ્યાં જ્યાં 'ઝ' અક્ષર આવે ત્યાં તેનો ઉચ્ચાર ગુજરાતી 'ઝ' ની માફક નહી પણ ઈંગ્રેજી Z ના જેવો કરવો

જે અક્ષરની નીચે ખોડાની નિશાની (ˎ) હોય તેનો અરધો ઉચ્ચાર યાને સ્વર વિનાનો કરવો અને જ્યાં એ નિશાની ન હોય ત્યાં આખો, સ્વર સાથનો ઉચ્ચાર કરવો, જેમ કે

અહુરેમ્ (ahurem)

હચ (hacha)

૧૨

અવસ્તા.

૧ નિવએધયેમી હંકારયેમિ દથુષો અહુરહે મઝ્દાઓ રએવતો ખરેનઘતો મજિશ્તહેચ વહિશ્તહેચ સ્રએશ્તહેચ ખ્રઑઝ્દિશ્તહેચ ખ્રથ્વિશ્તહેચ હુકેરેપ્તેમહેચ અષાત્ અપ્રોતેંમહેચ હુધાઑઅમેંના વૅાઉરૂ-રફ્નઘો, યો નો દધ યો તતષ યો તુથ્રુયે યો મઇન્યુશ્ સપૅન્તોતેંમો

(હા ૧-૧)

૨ અહુરૅમ મઝ્દામ્ અષવનૅમ્ અષહે રતુમ્ યજમઇદે હુદાઑઅઘૅમ મજિશ્તમ્ યઝતૅમ્ યિમ સૅવિશ્તેમ ક્ષ્રાદત-ગએથૅમ્, દાતારૅમ વૅાહુનામ્ દામનામ

(હા ૧૬-૧)

૧ જગતને પેદા કરનાર મોગેહવાલા, દબદબા-વાલા, સર્વથી મોટા, સર્વથી ભલા, સર્વોત્તમ, વાજબી તનસાફ કરનારા, ઉત્તમ અકક્લવાલા, વણીજ સરસ યોજના કરનારા, અશોઇમા સર્વથી ચડતા, બોહલા ડહાપણવાલા, અને સમ્પૂર્ણ ખુશાલીવાલા અહુર-મઝદની હું કીર્તિ ગાઉ છુ, અને તે સાહેબને મદદે બોલાઉ છુ, જે સઉથી ઘણી-આબાદી કરનાર મીનો આપણને પેદા કરનાર, રૂપ આપનાર અને પોષણ કર્તા છે

૨ અશોઇનો સરદાર અના હોરમઝદ કે જે સારા ડહાપણવાળો અને સઉથી ચડતે દરજ્જેનો તઝદ છે, તથા જે ઘણોજ ફાયદો કરનાર, દુન્યાની આબાદી કરનાર તથા ભલી પેદાયશોનો પેદા કરનાર છે, તેની હમો ભક્તિ કરીએ છીએ

૩ ફ્રતૂમ્ વીસ્પો વિધ્વાઓઘ્મ યઝમઈદ, યિમ્ અહુરૈમ્ મઝ્દામ્

વી૦ ક ૧૯–૧

૪ હુક્ષથ્રાતેમાઈ બાઅત ક્ષથ્રૅમ્ અહ્મત હ્યત્ અઈબી-દદ્મહિચા ચીષ્મહિચા, હ્વાન્મહિચા હ્યત્ મઝ્દાઇ અહુરાઇ, અષાઈચા વહિશ્તાઈ

(હા ૩૫–૫)

૩ તમામ જાણુનારી અકકલ, જે હોરમઝ્દ પોતે છે, તેને હમો યાદ કરીએ છીએ

૪ (તે) સર્વોત્તમ પાદશાહને ખચીત પાદશાહી (છે)' અહુરમઝ્દ જે સઉથી સરસ અશોઇ (છે) તેની તરફ હમો મન લગાડીએ છીયે, (તેને) હમો કબૂલ રાખીએ છીયે, તથા (તેને) હમારો પોતાનો તરીકે ગણીએ છીયે

૫ અષાઅત્ચા હ્વા વઘેઉશ્ચા મનઘો વઘેઉશ્ચા ક્ષથ્રાત્, સ્તઑતાઇશ થ્વાત અહુરા સ્તઑતોઇબ્યો, ઉખ્ધા થ્વાત ઉખ્ધોઇબ્યો, યસ્ના થ્વાત્ યસ્નોઇબ્યો

(હા ૩૫-૧૦)

૬ વૉહૂ થ્વા મનઘા વોહુ થ્વા અષા વઘુયાઑ થ્વા ચિસ્તોઇશ્ ઉપઑથનાઇશ્ચા વચેબીશ્ચા પઇરિ-જસામઇદે

(હા ૩૬-૪)

૫ ઓ અહુરમઝદ ' તારી અશોઇ, અને ભલી મનશની, અને સારી પાદશાહીને લીધે, તારી સ્તુતિ બીજી સઘળી સ્તુતિ કરતા વધારે ચઢતી છે, તારી કીર્તિના ગાયનો બીજા બધા કીર્તિના ગાયનો કરતા વધારે ચઢતા છે, તથા તારી આરાધણા બીજી બધી આરાધણા કરતા વધારે ચઢતી છે

૬ તુને ભલા મન વડે, તુને ભલી અશોઇ વડે, તુને ભલા ડહાપણના કામો વડે તથા ભલા સખુનો વડે હમો પહોંચીએ છીએ

૭ નૅમ૦ચામહી ઈશુઇધ્યામહી ‘વા મઝ્દા અહુરા વીસ્પાઇશ્ થ્વા હુમતાઇશ, વીસ્પાઇશ હુખ્તાઇશ્ વીસ્પાઇશ્ હ્વર્શ્તાઇશ પઇરિ–જસામઈદે

(હા ૩૬–૫)

૮ નૅમહી શ્કુચામા અહુર મઝદા નૅમહી ઉઐમહી નૅમ ધે વીસ્નામઈદે, નૅમ વે આવએદયામઈદે, ગએથાઓસ્ચા તનવસ્ચા નિ પાતયએચા નિશ ઘરૈતયએચા હરૈથ્રાઇચા અઈવ્યાક્ષ્નાઇચા નૅમ ધો આ યથા નૅમે ક્ષ્માવતો

(હા ૫૮–૭)

૭ ઓ અહુરમઝદ ! તને હમો નમીએ છીએ, તારા હમો કરજદાર છીએ તમામ નેક વિચારોથી, તમામ નેક સખુનોથી, તમામ નેક કામોથી, તારી નજદીક હમે પહોચીએ છીએ

૮ ઓ અહુરમઝદ ! જીંદગીમા હમ સંતોષ મેળવીએ છીએ જીંદગીમાજ હમો ખુશી માનીએ છીએ, જીંદગીમા હમો મશગુલ રેહવા માગીએ છીએ, અને (હમારી) પાસબાની, સંભાળ, રક્ષણ અને બચાવને માટે જીંદગીને—જે તારા જેવાની બંદગી તેને—(હમારા) શરીર અને માલ મિલ્કત હમો અર્પણ કરીએ છીએ

૯ અહુરાઇ મઝદાઇ વંઘવે વૉહુમઇતે
વીસ્પા વૉહૂ ચિનહ્મી, અષાઉને રએવઇતે
ખરેનંઘઇતે, યા ઝી ચીચા વહિશ્તા યેહે
ગાઉશ્ યેહે અષેમ યેહે રઓચાઓ યેહે
રઓચેબીશ્ રોઇથ્વેન ખાથ્રા

(હા ૧૨-૧)

૧૦ ઇથા આત યઝમઇદે અહુરેમ મઝદામ
યે ગામ્ચા અષેમ્ચા દાત્ અપસ્ચા દાત
ઉર્વરાઓસ્ચા વંઘુહીશ, રઓચાઓસ્ચા દાત
બૂમીમ્ચા વીસ્પાચા વૉહૂ

(હા ૩૭-૧)

૯ ભલા અને ભલી નાઈવાલા અહુરમઝદને સઘલો ભલી ચીજ હું લાગુ પાડુ છુ, (જે અહુર મઝદ) અશો, પ્રકાશવાલો અને ખોરેહવાલો (છે), જેને વડે ખરેખર જે કાઈ સઉથી સરસ છે (તે છે), જેની આ દુન્યા (છે), જેની અશોઇ છે, જેની નુરવાલી ચીજો (છે), જેની રોશનીઓ સુખનુ મણ છે

૧૦ આ પ્રમાણે અહિયા હમો આરાધીએ છીયે અહુરમઝદને, જેણે જાનવર અને અનાજ પેદા કીધા, (જેણે) પાણી અને સારાં ઝાડપાન પેદા કીધા, તથા (જેણે) રોશનીઓ, અને જમીન, તથા તમામ નેઆમતો પેદા કીધી

૧૧ અહ્યા ક્ષથ્રાચા મઝ્નાચા હ્વપઘાઇશ્ચા તેમ અત યસ્નનામ રઉર્વતાતા યઝમઇદે

(યા ૩૭—૨)

૧૨ વોહૂ ક્ષથ્રમ્ તાઇ મઝદા અહુરા અપએમા વાસ્પાઇ યવે હુક્ષથ્રગત્ ન ના વા નાઇરી વા, ક્ષએતા ઉબોઇયો અ ન્ઘો હાતામ્ હુદાસ્તમા

(હા ૪૧—૨)

૧૧ તેની પાદશાહી, મોટાઇ, તથા ખુબીઓને લાયક, તેને એ પ્રમાણે આરાધણાઓની શ્રેષ્ટતા વડે હમો આરાધીએ છીએ

૧૨ ઓ અહુરમઝદ, તારી ભલી પાદશાહીને હમેશા સુધી હમો પહોચીએ, (યાને તારી પાદશાહીમા હમો આબાદ રહીએ), હમો નર તથા નારીઓ માટે, તુ ભલો પાદશાહ છે, બન્ને દુન્યામા હયાતીવાલાઓમા સઉથી ડહાપણવાલા પાદશાહ!

૬૩ હુમાઉમ થ્વા નજમ વજતમ અષ ઘાચીમ હર્દેમહ્ફ અથા તૂ ને ગયસ્યા અસ્નૅન્તાઓસ્યા બ્યાઓ ઉંમાયા અ ઘો ભાતામ હુનસ્તૅમા

(ડા ૮૨-૭)

૧૪ હુનએમાચા જએમાચા મઝૂના અહુરા થ્વહૂમા રપ્હનહી ફરેગાચૂ અએપાચા થ્વા એમવન્તસ્યા બુયમા રપોઇશ્યા તૂ ને હર્ગૅસ્યા ઉશતાચા ભાતામ હુનસ્તૅમા

(ડા ૭૧-૮)

૧૩ સારા ડહાપણવાળા, આગવણાની ભાવના, અશોઇની રાહેજ ચાલનારા, તુ ખુદાવંદને હમો (પોતાને) અર્પણ કરીએ છીયે, તે સારુ તુ હમારે માટે જીંદગી તથા અવ્યવો તરીકે થા, ઓ બન્ને દુન્યામા હયાતીવાલાઓમા સઉથી ડહાપણવાળા!

૧૪ ઓ અહુરમઝદ તારી અંદર ખુશાળી મેળવતા રહીને હમો લાબી જીંદગીને લાયક થઇએ તથા (તેમા) ફતેહ પામીએ તારી ઉપર પ્રીતિ રાખનારા તથા હિમ્મત બાધનારા હમો થઇએ તુ હમોને લાબી મુદ્દત સુધી આબાદીથી ખુશી રાખ ઓ હયાતીવાલાઓમા સઉથી ડાહપણવાળા!

१५ ‹વોઇ સ્તઍાતરમ્ચા માથનરચા આડુ? મજના અઍાગૅમનએચા, ઉરમણિચા વીમાઅહએચા, ભુયત્ મી જહૅમ મવઍથૅમ ક્રદહાથા હએનાપ્યો મજના અડુરા અઙૂયા ભૂવો ને હાઇહી અઙૂમાઇચા અહુયે મનખ્યાઇચા તત અભૂયા યા તત ઉપા-જમ્યામા તવચા મૅમ અપખ્યાચા વીમ્પાઇ યત્રે

(૬। ४१-५-८)

૧૫ ઓ અહુરમઝદ ! તારી વખાણ કરનારા તથા માથ્રવાણી ભણનારા તરીકે હમો પોતાને અર્પણ કરીએ છીએ, તને હમો તાબે થઇએ છીએ, તથા હમો કબુલ રાખીએ છીએ ઓ અહુરમઝદ ! જે બદલો (તારા) કાયદાઓ પ્રમાણે તે મારા જેવાને આપ્યો છે, તે તુ પોતે હમોને આપ આ દુન્યાને માટે તથા મીનોઇ દુન્યાને માટે, કે તેને લીધે હમેશ સુધી તારી સરદારીને અને અશોઇની સરદારીને હમો પહોચીએ

૧૬ યેજિ ચ્દા હિઝ્વઍપ યેજિ મનવ યેજિ વચવ યેજિ 'યઑથ્ન યેજિ જ્યઑાપ યજિ અઝઑાષ આ તે અઘે ક્ષ્યસ્તુચ નીતે નઍ નયેષિ યજિ તે આઘે અવા-ઉઝરઑાવ ગત્ યસ્નોચ વહ્મહેચ

(૯૧ ૧-૨૧)

૧૭ તત્ અત વઈરીમઈહી અહુરા મઝદા અષા સ્રીરા હ્યત ઇ મઇનિઅહિચા વઑાચોઇમાચા વઈજિમાચા યા હાતાામ 'યઑથ્નામ વહિશ્તા બ્યાત ઉબોઇબ્યા અહુબ્યા

(૩૫-૩)

૧૬ અગરજેન મે તને આજુરદેહ કીધા હોય માના વિચારથી, અથવા માના સખુનથી, અથવા મારા કામથી, યા મારી મનછથી, યા મારી મગજ વગર, તો તેને માટે (પસ્તાવો કરીને, હવે,) હુ તારી સ્તુતી કરૂ છુ તારી આરાધણામા તથા તારી ભકિતમા મે કસુર કીધો હોય તો તને હુ (હવે) (અરજ કરી) બોલાઉ છુ.

૧૭ ઓ અશો માહામણા અહુરમઝદ, જેવતા ઓના કામોમાના જે સઉથી સરસ (કામો) હોય, બન્ને દુન્યાને માટે, તે (કામો)ને હમો પસદ કરીએ છીયે, હમારૂ મન લગાડીએ છીયે, તે (મુજબ) હમો બોલીએ છીયે, અને હમો કામ કરીએ છીયે

૩૦

અશો જરથોશ્તના ગાથામાંથી

---

૨૮ અત્ ત્વા મેંગ્હી પઓઉર્વીમ મઝ્દા
યેઝીમ્ સ્તોઇ મનઘ્હા

વઘેઉશ પતરેમ મનઘ્હો, હ્યત ત્વા હેમ
ચ'મઇની હેંગ્રબેમ્,

હઇથીમ અષહ્યા દામીમ અંઘેઉશ અહુરેમ
'યઓથનએષુ

(ય. ૩૧-૮)

૩૧

અશો જરથોશતના ગાથામાથી

---

૧૮ જ્યારથી તને આખમા મે રાખ્યોછે ત્યારથી, ઓ અહુરમઝદ, તને મે ગણ્યો છે હમેશા સર્વથી પહેલો, ભલા મન વડે પૂજિવા લાયક, ભલા મનનો પિતા, રાસ્તીનુ ખરૂ મૂળ, તથા આ દુન્યાના કામો ઉપર સાહેબી ભોગવનાર તરીકે

અશો જરથારતના ગાથામાંથી

૧૯ યે વાઓ મઝદા અહુરા પઇરિ-જસાઈ વૉહુ મન ઘા

મઇબ્યો દાવોઇ અહ્વાઓ અસ્ત્વતસ્ચા હ્યતચા મન ઘો

આયપ્તા, અષાત્ હચા, યાઇશ રપન્તો દઇદીત ખાથ્રે

(હા ૨૮-૨)

૨૦ પઇરિ-જસાઇ મઝદા ઉસ્તાનઝસ્તા, અત વાઓ અષા અર્ઇદ્રસ્યાચા નેમ ઘા અત વાઓ વ ઘેઉશ મન ઘો હુનરેતાતા

(હા ૫૦-૮)

અશો જરથોશ્તના ગાથામાથી

૧૯ ઓ અહુરમઝદ ભલા મનની મારફતે તારી નજદીક હુ પહોચુ ખાકી અને મીનોઇ બન્ને દુન્યાના ફાયદા અશોઇ વડે મને તુ આપ, જે વડે ખુશાલી આપનારૂ સુખ હાસેલ થાય

૨૦ આજેઝીની રીતે બેઉ હાથ ઉચા ધરીને, ઓ અહુરમઝદ, તને હુ પહોચુ, ખચીત તને અશોઇની મારફતે તથા ક્રિયા સાથની બદગીની મારફતે, ખચીત તને ભલા મનની ખુબીની મારફતે (હુ પહોચુ)

અશો જરથોસ્તના ગાથામાથી

૨૧ તાઇશ્ વાઓ યસ્નાઇશ્ પઇતી સ્તવન્ અયેની,

મઝ્દા. અષા, વ ઘેઉશ ષ્યોથનાઇશ મન ઘો

(હા ૫૦-૯)

૨૨ તત્ મોઇ વીચિધ્યાઇ વઓચા હ્યત મોઇ અષા દાતા વહ્યો.

વીદુયે વોહૂ મન ઘા મેન્ચા, દઇધ્યાઇ યહ્યા મા એરષિશ્

તાચીત્ મઝ્દા અહુરા યા નોઇત્ વા અ ઘત્ અ ઘઇતી વા

(હા ૩૧-૫)

અશો જરથોશ્તના ગાથામાંથી

૨૧ ઓ અહુરમઝદ, (હું) સ્તુતિ ગાનાર, આ ભક્તિઓની મારફતે, તથા અશોઇની મારફતે, તથા ભલા મનના કામોની મારફતે તને પહોંચું

૨૨ અશોઇના કાયદા બામુજબ જે મારે માટે નેક (હોય) તે પસંદ કરવાને મને કહે, જેનો ફાયદો મને મારી નેક મનસ્નીથી હાસેલ થાય તે હું જાણું ઓ અહુરમઝદ, જે કાંઇ નહીં થશે અથવા જે કાંઇ થશે (તે હું જાણું)

ʼશો જરથોશ્તના ગાથામાથી

૨૩ કત્ તોઇ રાઝરે, કત્ વષી, કત વા સ્તૂતો, કત્ વા યસ્નહ્યા,

સ્રુઇધ્યાઇ મઝ્દા ફ્રાવઓચા, યા વીદાયાત્ અશીશ્ રાષ્નામ

સીપાન્નાઓ અષા પથો વ ઘેઉશ્ ખએતે ગ મન ચો

(૩૪–૧૨)

૨૪ મઝ્દા અત્ મોઇ વહિશ્તા સ્રવાઓસ્ચા ષ્યઓથનાચા વઓચા,

તા તૂ વોહૂ મન ઘા અષાચા ઇષુદેમ્ સ્તૂતો,

ક્ષમાકા ક્ષથ્રા અહુરા ફ્રેરષેમ્ વસ્ના હઇથ્યેમ દાઓ અહૂમ

(હા ૩૪–૧૫)

અશો જરથોશ્તના ગાથામાંથી

૨૩ શું (જે) તારા નિયમો ? શું તું ઇચ્છે કે, સ્તુતીની બાબદમાં યા આરાધણાની બાબદમાં, તે ઓ અહુરમઝદ તું ખુલ્લી રીતે કહે, કે તે હું સાંભળું, જેથી તારા ફરમાનો (બજા લાવના)ના આશીરવાદો હાસેલ થાય અશોઇ વડે હમોને ભલા મનના પોતાના માર્ગો શીખવ

૨૪ ઓ અહુરમઝદ ! તું મને સઉથી સરસ શિક્ષણો અને કામો, (જે છે) સ્તૂતીનો બદલો, તે વિષે ખચીત ભલા મન અને અશોઇ વડે કહે તારી સત્તા વડે, ઓ અહુરમઝદ, (તારી) ઇચ્છા મુજબ (તું) ખરેખર જીંદગીને તાજી કરે !

~ શો જરથોશતના ગાથામાથી

૨૫ ઉસ્‌મોઇ ઉઝારૅષ્વા અહુરા આમ ઇતી
તવાષીમ્ દસ્વા,

સ્પેનિશ્તા મઇન્યૂ મઝદા, વ ધુયા ઝવો આદા,
અષા હ્‌ઝો એમવત્ વોહૂ મન ઘા ક્ષૅસૅરતૂમ

(હા ૩૩–૧૨)

૨૦ થ્વા ચીચીથ્વા સ્પેનિશ્તા મઇન્યૂ મઝ્દા,
યા દાઓ અષા વ ઘેઉિશ્ માયાઓ મન ઘો,
ત્રાસ્પા અયારે હરૅગો–જ્યાતોઇશ્, ઉર્વાદ ઘા

(હા ૪૩–૨)

અશો જરથોસ્તના ગાથામાથી

૨૫ ઓ ઘણાજ વૃદ્ધિ કરનાર, તથા બદગીનો બદલો ભલી નેઆમતોમા આપનાર, મીનો અહુરમઝદ, મને તુ મદદ કર , ભક્તિભાવ વડે તુ મને કૌવત આપ, અશોઈ વડે હિમતવાળુ જોર બખશ, ભલા મન વડે મને સરદારી આપ.

૨૬ ઓ સઉથી આબાદી કરનાર મીનો, અહુરમઝદ ! તું પોતાને જાહેર કર, (અને) લાબી જીદગીના બધા દહાડા સુધી સુખ સાથે ભલા મનની દોલત, અશોઈ મારફતે, તુ બખશ પ્યારથી.

અશો જરથોશ્તના ગાથામાથી

૨૭ હ્વો ઝી અષા સ્પેન્તો ઇરિખ્તેમ વીસ્પોઇબ્યો

હારો મઇન્યૂ, અહૂમ્બીશ ઉર્વથો મઝદા

(હા ૪૪-૨)

૨૮ મા કએમ્નઝ્પ્વા હ્યત્ચા કએનાના અ્‌મી,
ગેરેઝોઇ તોઇ આ-ઇત્ અવએના અહુરા
રફેધ્રેમ ચગ્વાઓ હ્યત્ ફ્ર્યો ફ્ર્યાઇ દઇદીત
આખ્સો વઘેઉશ્ અષા ઇશ્તીમ્ મનઘો

(હા ૪૬-૨)

૨૯ મઇબ્યો થ્વા સાસ્ત્રાઇ વેરેને અહુરા

(હા ૪૬-૩)

૨૭ તુ (છે) પોતે ખચીત અરોઇ વડે આબાદી કરનાર, સઘળાઓથી ખરાબી દુર કરનાર મીનો, (અને) બન્ને દુન્યામા દોસ્ત, ઓ મઝદા !

૨૮ હુ ટુક સપત્તીવાલો અને વળી થોડા સાથી-વાલો છુ, માટે તને હુ આજુજી કરૂછુ કે આ (મારી) તરફ તુ નેગાહ કર, ઓ અહુરા ! જેમ એક દોસ્ત બીજા દોસ્તને આપી શકે તેમ દિલાસો હુ માગુ છુ મને, ઓ અશો, ભલા મનની દોલત (વિષે) શીખવ

૨૯ મને બોધ આપનાર તરીકે, ઓ અહુર-મઝદ, તને હુ પસદ કરૂ છું

અશો જરથોસ્તના ગાથામાંથી

૩૦ વહુઈ આહા ગઇની મોઇ આ-મોઇ અગ્યા

(૪૯–૧)

૩૧ અત્ વે યર્આત ઝેવીશ્ત્યંગ ઉર્વંતો જ્યાઇશ્ પૈરીથુશ વહ્મહ્યા ચુઅમાકહ્યા મઝ્દા, અષા ઉગ્રેંગ્ વાંહુ મનઘા, યાઇશ અઝાથા મહ્માઇ અ્યાતા અવંઘે

(હા ૫૦–૭)

અશો જરથોશતના ગાથામાંથી

૩૦ મારા સંકટમાં મારી કને ભલી બખશેશ સાથે તું આવ

૩૧ ઓ અહુરમઝદ ! અશોઈ વડે તથા ભલા મનની મારફતે, તારી ભક્તિના ફાયદાકારક, મજબુત અને મક્કમ માર્ગ ઉપર પહોચીને તારી સાથે હું જોડાઉ છું, જેને માટે તું (મને) રેહનુમાઈ કર (અને) મારી મદદે તું થા

શો જરથોસ્તના ગાથામાંથી

૩૨ યે સ્પત મઝન્ અમ્રુરતીમ્ અકેમ્ચા
મનો યઝાઇ અપા

ખએતેઉશ્ચા તરેમઇતીમ્ વેરેઝેનબ્યાચ્યા
નઝદિશ્તામ્ દ્રુજેમ્

અઇર્યમનસ્ચા નદન્તો

(હા ૩૩–૮)

૩૩ વીસ્પાઓ મ્નોઇ હુજીતયો યાઓ ઝી
આઓંઘરે યાઓસ્ચા હેન્તી,

યાઓસ્ચા મઝદા બવઇન્તી થ્વહ્માહીશ
જઓષે આબક્ષોહ્વા

વોહુ ઉક્ષ્યા મનઘા ક્ષથ્રા અષાચા ઉશ્તા
તનૂમ્

(હા ૩૩–૧૦)

બરો જરથોશ્તના ગાથામાથી

૩૨ ઓ અહુરમઝદ ! બદગી મારફતે હુ (મારામાથી) દુર કરૂ તારી તરફની નાફરમાની અને બદમનરાનીને, અને ખેશી સાથની તુન્દીને અને સાથે કામ કરનારાઓ સાથની ઠગાઇને, તથા તાબે-દાર માણસો તરફના તિરસ્કારને

૩૩ સઘળી જાથુકની સુખી હાલતો, જે ખચીત આગળ ભોગવવામા આવતી હતી, જે (હાલમા) છે, અને જે (હવે પછી) થશે તે, ઓ અહુરમઝદ, તારી મોહબતમા તુ બખશ તું આબાદીથી (મારા) તનને મજબુત કર, ભલા મન વડે, સત્તા વડે, અને અશોઈ વડે

અશો જરથોશ્તના ગાથાનાથી

૩૪ દાઇની-મોઇ, યે ગામ તષો અપસ્યા ઉેવ રાઓસ્ચા,

અમેરેતાતા હઉર્વાતા, સ્પેનિશ્તા મઇન્યૂ મઝદા,

તવીષી ઉતયૂઇતી મનઘા વૉહૂ સેઘે

(હા ૫૧-૭)

૩૫ તત મોઇ દાઇધી અહુરા હયત મઝદા સ્પેન્ તવા

(૫૧-૧૮)

અશો જરથોશ્તના ગાથામાંથી

૩૪ ઓ વણાજ આબાદી કરનાર મીનો અહુર-મઝદ, કે જેણે ગાય ઢોર, પાણી તથા ઝાડ પેદા કીધાં છે, તુ આપ મને અમરપણું અને તનદરોસ્તી, શક્તિ, ટકાઉપણુ, અને ભલા મન વડે રૂડી સલાહ

૩૫ જે કાંઇ તને ખુશાલી આપનાર (હોય) તે મને તુ આપ, ઓ અહુરમઝદ.

૩૬ તાઓ અહિ ન્માને જમ્યારેશ્, યાઓ અપઓનામ ક્ષ્નૂતસ્ય અપયસ્ય વ્યાદ્દઇબિશ્ચ પઇતિ-જન્તયસ્ય, ઉસ્ ન અ ધાઇ વીમે જમ્યાત અર્યેમ્ય ક્ષર્થ્રેમ્ય સવસ્ય, ખરૅનસ્ચ, ખાર્થ્રેમ્ય દ્દઝ્ઘા-ત્ર્તૅમ્હર્વૅમ્ય અ ધાઓ દઐનયાઓ યત આહૂરોઇશ ઝરથુશ્ત્રોઇશ્

(૩૧ ૬૦-૨)

૩૭ અસિશ્ત નૂ અ ઘત હચ વીસત્ ગાઉશ ખુયાત, અસિશ્તૅમ્ અર્યૅમ્, અસિશ્તૅમ્ નર્શ અપઓનો અઓજો, અસિશ્તો આહૂઇરિશ ત્કએષો

(૬૦-૩)

૩૬ આ નરમા આવ આ (ચીન્તા ક ન (૭) અશો લોકની ખુશનુદી, અને આશીર્વાદ અને નિષ્કપટપણુ અને શુકર ગુજારો ! હવે આ કબીલાને માટે ઉત્પન્ન થાય અશોઇ, અને હકુમત, અને આબાદી, અને કીતિ અને સુખાકારી, અને આ હોરમજદી જરથોસ્તી દીનનુ લાબા વખત સુધીનુ ઉત્તમપણુ

૩૭ હવે આ કબીલામાથી જાયુક ઉત્પન્ન થજો ગાય ઢાર, જાયુક અશોઇ, જાયુક અશો માણસોનુ દોલત, જાયુક હોરમજદી તરીકા

૩૮ જમ્યાન્ ઇથ અપાકિનામ નચુડીશ સૂરાઓ મર્પન્તાઓ નવપથા, અપોઇરા બઍપજ હુચિમ્નાઓ ઝેન-નથ વ, નાનુ-ઠાજ વ બવઈ બઈજ વ ઇશ્તેએ વ ઘ્રઙ વામ પૈતિશ્તાનએ આતરનામ, ત્રાન-વહ્યાઇ રયામ્ય બર્નન ગામ્ય

(૩૬)

૩૯ નઇનીત્ અબ્મિ નમાને ચ્યઓપા અસ્નુશ્તીમ આહિતરા અનાહ્તીમ્, શઇતિરા અશઇતીમ, આમ ઇતિશ તગોમઇતીમ અપુ બર્પા વાક્ષ મિથઓખ્તેમ વાચિમ અપ દુર્જમ

(૬૦–૧)

૩૮ બહી આન અગો ચોકના ભલા, નર, અને આબાદી કરનારા ફરોહરો અશોઇના કુવાજો સાથે વહીને જમીનની પહોલાઇ જેટલા, નદીની લંબાઇ જેટલા, ખોરશેદની ઉંચાઇ જેટલા (તેઓ આવે) વધારે ભલા માણસોની મુરાદ બર લાવવાને માટે, દુશ્ટ માણસોની સામે થવા માટે, તથા દોલત અને કીર્તિના વધારાને માટ

૩૯ આ નરમા નામજાગી માર નાફરમાનીને, સલાહ્મ પજ કહ્યાકનારાને સખાવત નખીજાને, સભ્યતા મગરૂરીને, સાચો બોલેલો સખુન જુઠા બોલેલા સખુનને, અશાઇ દુરવંદીને (માર)!

૮૦ મા ચવે હમત નમાર્નમુ ખાથવત્ ખરૈના ક્ષઝહીત્, મા ખાક્ષનહ ત હગતગ, મા ખાથવહતિ આમ્ન ક્ષઝહન્તિગ ખ ક્ષાદ્રિસ્યેહે પદતિ અપોહશ્ય વધુચાર્ગા ઁ ઁમ ઙમ

(૬૦-૭)

૪૦ નહી કદા છોડે આ વરને સુખ સાથનુ ખોરેહ. નહીં (છોડે) સુખ આપનારી દોલત, નહી (છોડે) સુખ આપનારા ચાલાક ફરજન્દ, અને નહી (છોડે) સુખ દેખાડનારો ચીજો તરફની ભલી અશોઇની લાંબી દોસ્તી

ફારસી મોનાજાતો.

ઉચ્ચાર સંબંધી સૂચના.

ફારસીમાં જ્યાંબી 'ઝ' અક્ષર આવે ત્યાં તેનો ઉચ્ચાર નરમ આકારનો, યાને ઈંગ્રેજી Z ના જેવો કરવો

જ્યાં જ્યાં 'ખ' અને 'ઘ' અક્ષરો આવે ત્યાં ત્યાં ઉચ્ચાર ગુજરાતી 'ખ' અને 'ઘ' જેવો નહી પણ નરમ પ્રકારનો, ફારસી خ અને غ ના જેવો કરવો

ફારસીમાં શબ્દનો છેલ્લો અક્ષર અગરજો કાના, માત્રા, વગેરે નિશાનીઓ વિનાનો હોય તો તે જેમ ગુજરાતી ભાષાના શબ્દોમાં આવે છે તેમ અરધા ઉચ્ચારવાળો યાને સ્વર વિનાનો સમજવો આ કારણથી શબ્દના છેલ્લા ખાલી અક્ષરની નીચે ખોડાની નીશાની ( ) દેખાડી નથી

દાખલા તરીકે 'દારમ' નો ઉચ્ચાર 'દારમ્' કરવો

મોનાજાત ૧) શ્રી નિઝામીની

---

૧ ખુદાયા જહાન પાદશાહી તુરાસ્ત,
ઝે મા ખિદ્‌મત આયદ ખુદાઇ તુરાસ્ત

૨ પનાહે બુલન્દીઓ પસ્તી તોઇ,
હમે નીસ્તં આન્ચે હસ્તી તોઇ

૩ હમે આફ્રીદેહસ્ત બાલા ઓ પસ્ત
તોઇ આફરીનન્દએ હરચે હસ્ત

૪ જહાન્રા બખૂબી તો આરાસ્તી,
બિરૂન ઝાન્કે યારીગરી ખ્વાસ્તી

માનાજાત ૧) લી નિઝામીની

---

૧ આ અલ્લા ' દુન્યાની પાદશાહી તારા છે હમારા માટે રેહમત સરજનાર છે તારા માટે ખુદાઈ છે

૨ ઉચાઈ અને નીચાહતી પનાહ તે તુ છે, સર્વ કાઈ છે તે કાની છે જે હસ્તી છે તે તુજ છે

૩ ઉચુ અને નીચુ જે છે તે સર્વ પેદા કરેલુ છે, અને જેમા છે તેનો પેદા કરનાર તુજ છે

૪ દુન્યાને બધા ખુબીઓથી તે સણગારેલી છે, કોઈનીબી મદદ માગ્યા વગર

મોનાજાત ૧૧ મી નિશાનની

૫ જે ગમીઓ નદીઓ આજ મુરને તર,
સિરિશતી બ આન્દાઝએ યક દિગર

૬ ચુનાન બર રશીદી ઓ બની નિગાર
કે બેહ જાન નયાજ મિઝ દરો ગુમાર

૭ ચુનાન બગેતી બન તાકે નીલફ્રી
કે આનીગીર નીમત જ બરતરી

૮ મુહન્દિસ બસી જાયદ આજ રાજે શાન,
ન દાનક કે ચુન કરી આધાજે શાન

માનાજાત ૧) થી નિઝામીની

૫ જન્નત અને દોડી અને ખુશ્કી અને કિનારા એ સઘળામાંથી એક બીજાને માફકસરની તે પેદાયશ કીધી છે.

૬ તે એનાતો ગીત વિચાર પાડયો છે અને ગાયો છે, કે બીજો એના કરતા બેહતર કશુ કલ્પી શકે નહી

૭ આ નીલોફરના રંગનો મેહરાબ (આસમાન) તે એના તો નક્શ બાંધ્યા છે, કે કલ્પના શકિતવાળી તેના કરતા વધુ ઉંચે પહોંચાતુ નથી

૮ બુદ્ધિમાન જાણનાર ઘણાથી કોઇ માને છે એ બધાના ભેદ જાણનારા, પણ તે જાણી શકતો નથી કે તે એમની બ આંત કેવી રીતે કીધી

મોનાજાત બા શ્રી નિઝામીની

૯ બ હુજ ચાકરીફાંઆ બસ્તી તુરાજ
નિયાઝત ન અએ અઝ હમે બીનિયાઝ

૧૦ ન બૂદ આફરીનિશ તો બૂદી ખુદાય,
ન બાશદ હમે, હમ તો બાશી બજાય

૧૧ બેરૂદ તાઅકા દર નયાઅદ તુરા,
કે તાએ બેરૂદ બર નતાબદ તુરા

૧૨ મરી કઝ તો ગર્દદ બુલન્દી ગિરાય,
બ અફ્‌ગન્દને કમ નયુફતદ ઝેપાય

મોનાજાત ૧) લી નિઝામીની

૯ જેમા કાંઇ પેદા કરીને તેનો શણગાર તે કર્યો છે, તે કશાની તને જરૂર નથી એવા તુ, કે જે બધાથી સ્વતંત્ર છે

૧૦ જ્યારે ખલ્કત પેદા થએલી નહી હતી ત્યારેથી તુ ખુદા હતો અને જ્યારે તેવુ ફના થશે ત્યારેથી તુજ કાયમ રહેશે

૧૧ અક્કલ ગમે એટલી દોડવા જતા તને પહોચી શકતી નથી, બલકે તેની રોશની તારી ઉપર પ્રકાશ ફેકી શકતી નથી

૧૨ જેમી માથુ તારાથી કરીને બુલન્દીએ પહોચ્યુ તે કોઇનાથી પાડી નાખવાથી હેઠે પડે નહી

મોનાજાત ર) શ્રી નિ[illegible]

૨૩ [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
બ પામની એ કને [illegible] [illegible],

૨૪ [illegible] જીન્દગાનીમાં [illegible]-[illegible]ીર,
તાઇ યાવ[illegible] તો[illegible] [illegible]ગીર

૨૫ [illegible] ઉંચા [illegible] [illegible] [illegible] [illegible],
તે [illegible] [illegible] [illegible] [illegible]

૨૬ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible],
કે તમ[illegible] નામત [illegible] [illegible] [illegible] [illegible]

મોના ૧૧ ૧) થી નિત્રામીની

૧૩ જેનેથી તારો ગુસ્સા ઉવે મસ્તક નાખે, તે પ્રાનીની મદદથી ઉચ્ચારએ પહેરે નહીં

૧૪ હમે સઘળા તારા હાથ નીચેના છીયે અને તારા ફરમાનબરદાર છીયે, તુજ મદદનો કરનાર છે, અને તુજ દસ્તગીર છે

૧૫ રાત અને દહાડા, સાજે કે બામદાદે, જે કોઈ ચીજની હુ યાદ કરૂ છુ તો તે તારી છે

૧૬ જ્યારે પેહલી ગતે ઉવસાને માટે હુ ખાહેશ કરૂ છુ, ત્યારે તારા નામની ઝીકર કરવામા હુ ઉતાવળમા પડુ છુ

મોનાતા ?) ના નિશાનની

૬૭ વનર બામવાદમ્સ્ત શાહમ મનુસ્ત
હમે ફજ તાશાબ પનાહમ બતુસ્ત

૬૮ ચુ મ્વાહમ કે તા ફેઝારાબ યાવરી
મકુન શાર્મસારમ બાન દાવરી

૬૯ ચુનાન તારમ અંઅ નાવરે કારસાઝ
કઝીન બા-નિયાઝાન શાવમ બી-નિયાઝ

૭૦ પરસ્તન્દ ફઝ ગેહ બન્ગી
કુનદ ચુન તો ગિ પરસ્તન્દગી

૭૨ દરાન આલમ આબા બાર બ બજ
બરાન આલમ આઝાદ બરૌ કે રજ

મોનાજાત ૧) લી નિજામીની

૧૭ અને જ્યારે સહવાર પડે છે, ત્યારે હુ તારી કને આવુ છુ, અને આખો દહાડો, રાત સુધી, તારી પનાહ હુ શોધું છુ

૧૮ જ્યારે હુ રાત દહાડો તારીજ મદદ ચાહુ છુ, તો મને કયામતને દહાડ નારમીદ કરતો ના

૧૯ મને એવી રીતે રાખ, ઓ દાવરે કારસાજ, કે આ હાજતમદ (યાને દુન્યાના માણસો) થી મને હાજત રહે નહી

૨૦ જે પૂજા કરનાર, અદગીને રહે, તારા જેવાની પૂજા કરે,

૨૧ તે આ દુન્યામા ખજાનાથી આબાદ થાય, અને પેલી દુન્યામા દુખથી છુટકારો પામે

મોનાજાત ૧) સી નિઝામીનં

૭૨ પદીદ આવરે અક્કો આ'લમ તોઈ
તો મીગનિઆ જિન્દ-કુન હમ તોઈ

૭૩ મગાનીરત અઝ ખુદ ઇિઆબી અ દસ્ત
ઇિઆબે મન અઝ તુસ્ત ચન્ાન કે હુસ્ત

૭૪ બંદા નીડગા અઝ તા આવદ કિલીદ
જે તો નીડ વઝ મન મદ આવદ પદીદ

૭૫ ઉમીદમ ચુનાનરત ઝાન બારગાહ
કે ચુન મન શવમ દૂર અઝીન કારગાહ,

મોનાજાત ૧) લી નિઝામીની

૨૨ જગત અને આલમનો પ્રગટ કરનાર તુ છે, મરણ આપનારઓ તુજ, અને જીદગી આપનારઓ તુજ છે

૨૩ મારા હાથમા મારો પોતાનો હિસાબ કાઇ નથી, જેઓ છે તે સઘળો હિસાબ તારે હવાલે છે

૨૪ બુરાઇ અને ભલાઇની ચાવી તારેથી (હમોને) મળે છે તારાથી નેકી અને મારાથી બુરાઇ જાહેર થાય છે

૨૫ મારી ઉમેદ તારી દરબારથી આ છે કે જ્યારે હુ આ કારખાના (દુન્યા) માથી દુર થાઉ ત્યારે

મોના ન [illegible] નિ િ નિ

૨૬ ચુનાન ન્મે હુન ચ્યાંકે ગાયમ બતો.
કે ખુરમ-દિલ આયન ચુ ન્મ કમ બતો

૨૭ હુમે ઘમે-ગઉન તા મ કર બા મનન્દ,
ચુ મન સ્તમ બન હૂમતાન હુમનન્દ.

૨૮ અગર અન્મો ગૃશન્તા ગર હુન્તો પાય,
ઝે નન બાઝ માનન્દ યક યક બજાય

૨૯ તોડ આન કે ના મન મનમ બા મની,
વઝીન દર મમાટમ નેકી-હામની

મોનાજાત (૧) ની નિઝામીની

૨૬ મારા મનની ખાહેશ તારી તરફ એવી તરફનું છે, કે હું તારી આગળ આવું તે ખુદાની સાથે આવું

૨૭ મારા બધા સાથીઓ સ્વાગત મુજબ મારા સાથે છે, જેના હું ચાહો છે એ દોસ્તો દુશ્મન થઈ પડવાના છે

૨૮ અગર આંખ-કાન હોય, કે હાથ-પગ હોય, તે એકેએક મારેથી જુદા પડીને રહી જવાના

૨૯ તુજ તે છે કે જે ત્યાં સુધી હું 'હું' તરીકે છું (યાને હસ્તીનું ભાન ધરાવું છું) ત્યાં સુધી મારા સાથે છે માટે તારા દરબારથી હું ખાલી દામન સાથે પાછો ફરૂં તેમ નહી થાય

[illegible]

૩૦ ચુ આશિક રહેમત હાતમ તુના
ફરીન આજનો ચુન ન જ્યાનમ તુરા?

૩૧ અમી, ઝારે તો મન પવન અસત,
મર હાજ આ આનગી કરન અસ્ત

૩૨ અ બુકેમ રોન અવને, આજાબુ મગ જ,
નબુસ્તમ સનકી [illegible] આનબા [illegible]

૩૩ અબાદ કે ગાદીમ ફજાન ના-અપ્રર,
ઝ મન દુર નાર આએ કે બીનદ દુર

૩૪ બિન્દુ મ ગતો માયએ બોરા રા,
તો ગાની દિમાએ ઝમા બીશ ગ

મોનાજાત ૧, થી નિઝામીની

૩૦ લાચારોનો છુટકારા કરનાર તરીકે તુને હુ જાણુ છુ, ત્યારે આ લાચારીમા હુ તને કા ન બોલાઉ ?

૩૧ હા, તારૂ કામ બદાઓની પરવરેશ કરવાનુ છે, અને મારૂ કામ તારી ખેદમત કરવાનુ છે

૩૨ મને પેહલે શુક્ર ગુજાર બનાવ અને પછીજ માલન આપ પેહલે મને સબુરી આપ અને પછીજ દાદ આપ

૩૩ જે આફતમા હુ સબુરી વગરની નહી રાહુ તે મારાથી દુર રાખ, એ તુ કે જે ગેર ઇનસાફથી દુર છે ।

૩૪ મારી (કરણીની) પુજી બધી મે તને અર્પણ કરી છે વધતા ઓછાનો હિસાબ જાણનાર તુ છે

મોનાજાત ૨) જી નિઝામીની

---

૧ બુઝુર્ગા બુઝુર્ગી-દેહા બા કરમ,
તોઇ ચાવરા-સખ્ના ચાગી-ગમમ

૨ નયાવુર્દમ અઝ ખાન ચીઝી નખુસ્ત,
તો દાદી હમે, ચીઝ મન ચીઝ તુસ્ત.

૩ ચુ કર્દી ચેરાઘે મરા નૂરદાર,
ઝે મન બાફ મેરઅઝ-કુશાન દૂર દાર

મોનાજાત ર) જી નિઝામીની

---

૧ એ મોટાઈવાળા, મોટાઈ આપનારા સાહેબ ! મદદગાર વિનાનો છું, તજ મદદ આપનારો અને મદદે પહોંચનારો છે

ર અવ્વલમાં કુ કાઇમી ચીજ નથી મારી સાથ લાવ્યો નથી તે બખશ્યું છે સઘળુ મા | જ મતા છે તે તારીજ છે

૩ જ્યારે તે મારો ચેરાગ પ્રકાશિત બનાવ્યા છે (યાને મને અક્કલ વિગેરે બખશ્યું છે) તો ચેરાગને બુજવી નાખનારો પવન (યાને બદીઓ વગેરે,) મારેથી દૂર રાખ

મોનાજાત ર) ૦ નિશાનીની

૪ બ કિશ્તન તો હાની તનમન્દિયમ
ઍન્હ ઝાન્ચે કિશ્તમ બરૂમન્દિયમ

૫ ઉક્બત મકુન ઉઝર-ખાહ આમદમ,
બ હર્ગાહે તો રૂ-સિયાહ આમદમ

૬ સિયાહે મરા હમ તો ગર્દાન સુપેદ,
મગર્દાનમ અઝ દરગહત નાઉમેદ

૭ ખુદાવન્દ માઈ ઓ મા બન્દઈમ,
બ નેરૂયે તો ચક બ ચક ઝિન્દઈમ

૮ હરાન્ચે આફરીદસ્ત, બીનન્દરા
નિશાન મી દેહદ આફરીનન્દરા.

માનાતત ૨) જી નિઝામીના

મતીના કામને માટે (યાને અનાબ કરવા માટે) ત મને શકિત આપી છે, તો મે જે વાવ્યુ છે તના (સારા) ફળ મને આપ

પ મને નિરાશા કરતો ના, હુ મારી માગતો આવેલોછુ તારે દરગાહમા ડાંગે મોટ આવેલોછુ.

, મારૂ જે કાણુ છે તે તુ સફેદ બનાવ મને તારા દરગાહમાથી નાઉમેદ પાછો ના ફેરવ

૭ તુ હમારા માલેક છે અને હમે તારા ગોનામો કરીયે હમો એકએક જણુ તારી શકિતથી જીવતા છીયે

, જેથી કાઇ પેદા થયલુ છે તે એક (રાસ્ત રીતે) જોનારને તે કિર્તારની નિશાની આપે છે

મનાતા ના નિયામીની

૯ હમે સુરતા જોગ … ગા રાય
મ નજીકો મળત મુજદ કેહનુમાય

૧૦ તુરા ખાનસ આજ હર-એ પરિવતન
કે હુસ્તી તા નાજનીન આન આપતન

૧૧ અસી મન્જિલ આમદ કે મન તા પાતા
નરાયદ તુરા ચાહત હંસા બના

૧૨ અદ આન … મ અજ્ઞ મસ્લાહત-બાદે મન,
કે આજ … સુય મસ્લાહત રાહ મન

મોનાજાત ૨) ૭ નિઝામીના

૯ જેઓ આકાશ છે તે, અક્કલ અને દાનેશની આગળ, તે ઘાટ-ઘડનાર તરફનો રસ્તો દેખાડે છે (યાને કારીગરી જોઇને કારીગરનો ખયાલ કરવાનુ આપણને અક્કલ શીખવે છે)

૧૦ જેઓ કાઇ (સપૂર્ણ) તયાર કરેલુ હુ જોઉ છુ તેની મારફતે હું તને જોઉ છુ, કારણ બનાવનાર તુ છે અને બનેલુ તે છે

૧૧ મારાથી તે તારા સુધાના વર્ણીએક મજન આવેલી છે, તને પહોચી શકાય નહી, સિવાય તારી (મેહરબાનીથી) થી

૧૨ ઓ મારુ ભલુ ઇચ્છનાર સાહેબ, મને એવી રીતે રોકેલો રાખ કે મારો રસ્તો ભલા કામોની તરફ રહે

મોનાજાત ૨) ઝ નિઝામીની

૨૩ રહી પીશમ આવર, કે અન્જામે કાર
તો ખુશનૂદ બાશીઓ મન રસ્તગાર

૨૪ ઉમીદમ બતો હસ્ત અન્દાઝે બીશ,
મકુન નાઉમીદમ ઝે દર્ગાહે ખીશ

૨૫ ઝ મન જુસ્તનો રેહ નમૂદન ઝ તો
બ જાન આમદન, જાન ફઝુદન ઝે તો

૨૬ મરાન ચુન નઝરે બગ મન અન્દાખ્તી,
મઝન મિકઅત ચુન્કે બિન્વાખ્તી.

મોનાજાત ૨) જી નિત્રામીની

૧૩ મને એવો રમ્નો સ્ઝાડ, કે (આ દુન્યામા મારૂ) કામ ખલાસ થયા પછી તુ ખુશ થયલો હોય, અને હુ (ગુનાહોથી) છુટક પામેલો હોવુ

૧૪ મારી ઉમેદ, અદાજાથી વધુ, તારેથીજ છે તારી દરગાહથી મને નાઉમેદ ના કરતો

૧૫ મારૂ કામ (રસ્તો) ફુડવાનુ છે, અને તારૂ રસ્તો દેખાડવાનુ છે, મારૂ જો જીદગીની અણીએ પુગવાનુ, તો તારૂ જીદગી વધારવાનું (કામ છે)

૧૬ મારી ઉપર તે નઝર કીધી તો હવે હાકી કાઢતો ના, જો તે નવાજેશ કીધી તો હવે ચાબુક લગાવતો ના

મોનાજાત ૨) ઝ નિઝામીની

૧૭ તો દાદી મરા પાયગાહે બુલન્દ,
તો અમ દસ્તગીર અન્દર ઇન પાયબન્દ

૧૮ સરીરા કે બગ સર નેહાદી કુલાહ,
મયન્દાઝ દર પાયે હર ખાકે રાહ

૧૯ નિકૂ કુન ચુ કેર્દારે ખુદ કારે મન,
મકુન કાર બા મન ચુ કેર્દારે મન.

મોનાજાત ર) ૭ નિઝામીની

૧૭ તે મને બુલંદ દરજ્જો આપ્યો તો હવે આ પગની બેડી (દુન્યાઇ લોભ લાલચો) માથી મારો હાથ ધરીને બચાવ કર

૧૮ જે માથાંની ઉપર તે કોનાહ મુકી છે, (મોટાઈ આપી છે,) તેને કોઈબી રસ્તાની ખાક (નાચીજ માણસ) ના પગ તળે ના નાખતો

૧૯ તારી પોતાની કરણીની મ્વાફક મારૂ કામ નેક બનાવ , મારા કૃત્યોની મ્વાફક મારી સાથે કામ ના લે.

મોનાજાત ૩) જી નિઝામીની

૧ અએ હમે હસ્તી ઝે તો પૈદા શુદેહ,
ખાકે ઝઇફ અઝ તો તવાના શુદેહ

૨ ઝીરનશીને અલમત કાયનાત,
મા બ તો કાયમ ચુ તો કાયમ બઝાત

૩ હસ્તિયે તો સૂરતો પૈવન્દ નૈ,
તો બકસો કસ બતો માનન્દ નૈ

૪ આન્ચે તઘઇયુર નપઝીરદ તોઈ,
વાન્ચે નમુર્દસ્તો નમીરદ તોઈ

મોનાજાત ૩) જી નિઝામીની.

૧ એ તું, કે જેનેથી બધી હસ્તી પેદા થઈ છે, નમલી ખાક તારાથી જોરમદ થઇ છે

૨ આખી જગત તારા ઝુડાની નીચે બેસનારી છે , હમો તારેથી ટકેલા છીયે, જેમ તુ પોતાની જાતેજ કાયમ છે.

૩ તારી હસ્તી એવી છે કે જેને નથી કગો આકાર કે નથી કોઈ સાથનો સબધ , તું નથી કોઇના જેવો, કે નથી કોઈ તારા જેવુ

૪ કાઇબી ફેરફારને જે આધીન નહીં તે તુ છે, અને જેનુ મરણ કદી હતું નહી , અને આવશે નહી , તે તુ છે

મોનાજાત ૩) જી નિઝામીની

૫ મા હમે ફાનીઓ બકા બસ તુરા,
મુલ્કે તઆલાઓ તકદ્દસ તુરા

૬ ઝાતે તુરા હમ્દ બતર્જ અબદ,
સંદે નો ફઝીન્દે બુર નીસ્ત બદ

૭ ખાક બ ફરમાને તો દારદ સુકૂન,
કુબ્બએ અખ્ઝર તો કુની બીસ્તુન

૮ અકૂદ પરસ્તિશ બતો ગીર્દ નિઝામ,
જુઝ બ તો ગર હસ્ત પરસ્તિશ હરામ

મોનાજાત રૂ) ઌ નિકામીર્ન

૫ હમે બધા ફાની ઝીયે, અને કાયમપણુ તારૂજ માત્ર છે, મોટાઇનુ અને પાકીજગીનુ રાજ્ય તે તારૂજ છે.

૬ તુ જાતેજ અનતકાળ સુધી કાયમ છે તારી મેહરબાની ભલા કે ભૂડા સર્વને રોઝ આપનારી છે

૭ ખાક તારા હોકમથી પાયદારી ધરાવે છે, અને બહુ રંગના ગુબજને તુ વગર થાભાએ ટેકવી રાખે છે

૮ બદગીનુ સાધણ તારાથી બ દોબસ્ત પામે છે, તારા સિવાય બીજા કોઇની બદગી હરામ છે

મોનાજાત [illegible] નિઝામીની

૯ ગરચે કુની દૂર બસીરા ઝે મા,
રૂયે શિકાયત ન ફસીરા ઝે મ

૧૦ બી હિમતસ્ત આન કે તો ખુન રીઝીયરા
બી બહલસ્ત આન કે તો આવીઝીયરા

૧૧ રોશનીએ અકલ બજાન કાફઈ,
ચાશનીએ દિલ બઝબાન કાફઈ

૧૨ બન્દએ તો ઇન કે દુઆ ગૂએ તુસ્ત,
હર દો જહાન ખાકે સરે કૂએ તુસ્ત

૧૩ ખાતિરશ અઝ મઅગેરત આબાદ કુન,
ગર્દનરા અઝ બન્દે ઘમ આઝાદ કુન

મોનાજાત ૩) જી નિઝામીની

૯ ગમે તેટલા માણુસો ઉપર તારી બક્ષી ઉતરે તો પણ તેઓમાથી એકનેબી ફરિયાદ કરવાનુ કારણ નથી

૧૦ જેને તુ ગરદન મારે, તેનો ગોનાહ દન્ને પાત્રનો હોયજ નહી, જેને તુ સુળીએ લટકાવે, તેનો ગુનાહ કોઈ બદલીની મારફતે શિક્ષા કરી શકાય તેવો હોયજ નહી.

૧૧ જાનને તે અક્કલની રોશની આપી છે, જબાનને તે દિલના ખવાસ દેખાડનારી બનાવી છે

૧૨ આ બદો કે જે તારી બદગી કરે છે તે બન્ને જેહાનમા તારા મોહલ્લાની ખાક છે

૧૩ તેના મનને ખુદાઇની પેછાન કરનારા જ્ઞાનથી આબાદ કર, તેની ગરદનને ગમની તોકમાથી છુટી કર

મોનાજાત ૪) થી નિઝામીની

---

૧ અએ બ અઝલ બૂદએ નાબૂદેહ મા
વએ બ અબદ ઝિન્દએ ફર્મૂદેહ મા

૨ અઝ પયે તુસ્ત ઇન હમે ઉમ્મીદો બીમ,
હમ તો બબખશાયો બબખશ અએ કરીમ

૩ ચારએ મા સાઝ કે બી-ચાવરામ,
ગર તો બરાની બકે રૂ આવરામ?

મોનાજાત ૪) થી નિઝામીની

---

૧ ઓ તુ સાહેબ કે જે અનંત કાળથી છે, કે જ્યારે હમારી હસ્તીજ નહી હતી, અને ઓ તુ કે જે અનંતકાળ સુધી જીવતો છે, જ્યારે હમે ખાક થઇ ગયલા હોઇશુ !

૨ તારાથીજ હમારી સઘળી આશા અને બીહક છે, તુ હમારી દરગુજરબી કર અને હમો પર બખશેશબી કર, ઓ સખી

૩ હમારો ચારો કર, કારણકે હમો મદદગાર વિનાના છીયે, તુ જો હમોને હાકી કાઢે તો કોણની તરફ હમો જઇએ ?

મોનાજાત ૪) વી નિઝામીની

૪ પીરી તો ગર બી મગેપા આમદીમ,
હુમ બ ઉમ્મીદે તો ખુદા આમદીમ

૫ દર કે પનાહીમ? તોઈ બીનઝીર
દર કે ગુરીઝીમ? તોઈ દસ્તગીર

૬ જુઝ દરે તો કિબ્લેહ ન ખ્વાહીમ સાખ્ત,
ગર ન નવાઝી તો, કે ખ્વાહદ નવાખ્ત?

૭ યાર શવ અએ મૂનિસે ઘમખ્વારગાન,
ચારેહ કુન અએ ચારએ બીચારગાન

મોનાજાત ૪) થી નિઝામીની

૪ તારી આગળ હમો જોકે લાચાર થઈને આવેના છીયે, પણ તારી આશા કરીને, એ ખોદા, આવેલા છીયે.

૫ હમે બીજા કોણનો આશરો લઈએ ?—તુંજ બેમિસાલ છે હમે કોણુની આગળ જઈ ભરાઈએ ?—તુજ મદદગાર છે

૬ તારા દરવાજા સિવાય હમો બીજો કોઈ કુબલો બનાવાના નથી, તુ હમોને નહી નવાજે તો કોણ નવાજશે ?

૭ એ દુખીઓને દેલાસો દેનાર, હમારો દોસ્ત તુ થા, એ લાચારોના ઇલાજ, હમારો ઈલાજ તુ કર!

મોનાજાત ૫) મી નિઝામીની

---

૧ ખુદાવદા દરે તૌફીક બુકશાય,
બ દીન બ દેહ રહે તેહકીક બિન્માય

૨ દિલી દેહ કુ યકીનતરા બગાયદ,
ઝબાની કાફરીનતરા સરાયદ

૩ મદેહ નાખુબરા દર ખાતિરમ રાહ,
બદાર અઝ નાપસદમ દસ્ત કુતાહ

૪ દરૂનમરા બનૂરે ખુદ બિયફ્રૂઝ,
ઝબાનમૂરા સનાયે ખુદ દર આમૂઝ

૫ તો આ ચન્દીન એનાયતહા કે દારી,
ઝઇફાનરા કુજા જાયઅ ગુઝારી

મોનાજાત ૫) મી નિઝામીની

૧ ઓ ખોદાવંદ તારી કૃપાનો દરવાજો ખોલ,
અને આ બન્દાને સચ્ચાઇનો રસ્તો દેખાડ.

૨ એવુ દિલ બખ્શ કે જે તારી ઉપર યકીન
રાખવાની લાયકાત ધરાવે, એવી જબાન બખ્શ
કે તારી સ્તૂતિ ગાવાને કાબેલ હોય

૩ બુરાઇને મારા મનમા આવવા ના દે,
નાપસદ ચીજો ઉપર મારો હાથ પહોચતો અટકાવ

૪ મારા ભિત્તરને તારા નુરથી રોશન કર,
મારી જબાનને તારી તારીફ શીખવ

૫ તુ, જે એટલી બધી બખશેશો ધરાવે છે
તે, લાચારોને કેવી રીતે પડતા મેળશે ?

મોનાજાત ૫) મા નિઝામીની

૬ ખલાસી દેહ કે રૂ અઝ ખુદ બતાબીમ
બ ખિદ્‌મત કર્દનત્‌ તૌફીક યાબીમ

૭ બિયામુર્ઝ અઝ અતાયે ખીશ મારા,
કરામત કુન લકાયે ખીશ મારા

૮ તોઇ કવ્વલ ઝે ખાકમ આફરીની,
બ ફઝ્લમ ઝાફરીનિશ બર ગુઝીની

૯ ચુ રૂ અફ્‌રૂખતી જાનમ બર અફ્‌રૂઝ
ચુ નઅમત દાદિયમ શુક્રમ દર આમૂઝ

૧૦ બ સખ્તી સબ્ર દેહ તા પાય દારમ,
દર આસાની મકુન ફ્રમૂશ-કારમ.

મોનાજાત ૫) મી નિઝામીના

૬ હમોને હમારી ખુદ-પરસ્તીમાથી છોડવ, કે જેથી તારી ખેદમત કરવાની તૌફીક હમોને મળે

૭ તારી મેહરબાનીથી હમારા ગોનાહ માફ કર, અને તારા દીદારની હમો ઉપર કરામત કર

૮ ખુજ તે છે કે જેણે અવ્વલ મને ખાકમાથી પેદા કીધો, અને તારી ફઝલથી મને પેદાયશોમા સરસાઇ આપી

૯ તે મારો ચેહરો રોશન કીધો છે તો જાનબી રોશન કર, તે નેયામત મને આપી છે તો મને શુકરાના કરવાનું શિખવ ।

૧૦ સકટમા મને સબુરી આપ કે હુ ટકેલો રહુ, સુખમા હુ તને ભૂલુ એમ ના થવા દે ।

મોનાજાત ૫) મી નિઝામીની

૬૧ બ અઝ્મે ખિદ્મતત બર દાશ્તમ પાય,
ચુ અઝ રેહ યાવેહ ગર્દમ રાહ બિન્માય

૬૨ ઝે ફઝ્લે ખીશ ફઝ્લી કુન મરા યાર,
બ ફેઅ્લે મન મકુન બા જાને મન કાર

૬૩ ન દારદ કારે મન આન ઝુરે બાઝુ,
કે બા અદ્લે તો બાશદ હમ-તરાઝુ

૬૪ બ તક્સીરી કે અઝ હદ બીશ • કર્દમ,
ખેજાલતરા શફીએ ખીશ કર્દમ

મોનાજાત ૫) મી નિઝામીની

